Publication: divy Bhaskerr
Date: 1/6/2019
Page: 2
Column: 4

દિવ્ય ભાસ્કર, મુંબઈ, શનિવાર, 1 જૂન, 2019

# વીજ સંબંધી ફરિયાદો માટે હવે 19122 નંબર

2/4

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

વીજ સંબંધી કોઈ પણ ફરિયાદો હવે 19122 ઉપર કરી શકાશે. ગ્રાહકોને યાદ રાખવામાં આસાની રહે તે માટે કસ્ટમર સર્વિસનો નવો નંબર રજૂ કરવામાં આવ્યો છે. તે બહુભાષી 24x7 કસ્ટમર કેર નંબર મુંબઈમાં બધા ટેલિકોમ ઓપરેટરો થકી પહોંચક્ષમ બની શકશે. ખાસ કરીને આગ અને શોકની ફરિયાદો, ઈમારતની લિફ્ટમાં વીજ પુરવઠો બંધ થવો, ખોદકામ અને વીજ ચોરીની ફરિયાદો, નવાં જોડાણ, વીજ પુરવઠો ખંડિત થવો, ગલીની લાઈટની ફરિયાદ, પેમેન્ટ સંબંધી ફરિયાદો વગેરે પણ આ નંબર પર કરી શકાશે.